# જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના ( ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા જિલ્લા પંચાયત,આણંદ-દ્રારા કાર્યરત આણંદ જિલ્લાની આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૩/૨૪**

**આઇ.સી.ડી.એસ.શાખા,જિલ્લા પંચાયત આણંદ -હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદ વેતનથી નિમણૂક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સભાવિત ખાલી જગ્યાઓની વિગત (અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવીત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવીત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૮ | ૧૬ | ૧૨૨ | ૧૬૦ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈસ્યુ કરેલ જન સેવા કેન્દ્ર નું નિયત નામુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદાર ની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજી માં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ માં તા.૦૭/૧૧/૨૦૨૩ [રાત્રે ૦:૦૦ કલાકે ( તા. ૦૮/૧૧/૨૦૨૩ થી શરૂ )] થી તા.૩૦/૧૧/૨૦૨૩ રાત્રે ૧૨:૦૦ કલાક સુધી કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડી ની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્ર ને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર ૧૦૦૦૦/- અને આંગણવાડી તેડાગરને ૫૫૦૦/- ને મળતું માનદ વેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર તથા મીની આંગણવાડી કાર્યકર ની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણ ના ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળ ના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- ઉપરોક્ત ખાલી જગ્યાઓ પૈકી આ. કેન્દ્રોમાં આ.વા.કાર્યકર અને આ. વા. તેડાગર માટે ભારતીનો ત્રીજો પ્રયત્ન છે તેવા કેન્દ્રોનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાન પૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમ અનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોક્યુમેંટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસાર ના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે -- **આણંદ** ---જિલ્લાના સંબંધિત તાલુકાનાં બાળ વિકાસ યોજના અધિકારી ( ICDS ) તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત આણંદ